# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-1

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : સામાજિક વિજ્ઞાન (S S) | કુલ ગુણ - 80

---

## વિભાગ-A

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[16]**

**યોગ્ય જોડકાં જોડો**

| A | B |
|---|---|
| (1) સહસ્રલિંગ તળાવ | [A] ખંભાત |
| (2) કાષ્ઠકલા | [B] બિકાનેર |
| (3) અકીક | [C] ઈડર |
| | [D] પાટણ |

**નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

4. હિમાલય પર્વત એ ભૂમિ આકાર છે.
5. ભારત એક સાંપ્રદાયિક દેશ છે.
6. એતુર નાગરમ પક્ષી અભ્યારણ છે.

**નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

7. જળ એ રાષ્ટ્રીય સંપદા કઈ રીતે ગણાય છે ?
8. પાણીની અછત કયા સ્વરૂપે નિરંતર વધતી જાય છે ?
9. સીસાની ધાતુનું નામ શું છે ?

**નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

10. ભારતનો ..........રાષ્ટ્રીય ધોરીમાર્ગ 'ગ્રાન્ટ ટ્રંક રોડ' તરીકે ઓળખાય છે ?
    [નંબર-1, નંબર-7, નંબર-3]
11. દૂરસ્થ, દુર્ગમ ગીચ જંગલો તથા પહાડી વિસ્તારોમાં ........ માર્ગ ઉપયોગી બને છે.
    [ધોરીમાર્ગ, હવાઈમાર્ગ, રેલ્વેમાર્ગ]
12 બજાર પધ્ધતિમાં .....ના આધારે આર્થિક નિર્ણયો લેવામાં આવે છે.
    [બજાર, ભાવતંત્ર, પુરવઠા]

**નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

13 ભારતમાં કઈ સાલથી આર્થિક સુધારાનો યુગ શરૂ થયો ?
    (A) 1951 (B) 1991 (C) 2002 (D) 2001

14 ભારતની મધ્યસ્થ બેંક કઈ છે ?
    (A) બેંક ઓફ બરોડા (B) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા
    (C) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

15 ગુજરાતમાં કન્યા કેળવણીના ઉત્તેજન માટે ..........યોજના અમલમાં મૂકી છે?

(A) મહિલા બોન્ડ (B) વિદ્યાલક્ષ્મી બોન્ડ (C) સરસ્વતી બોન્ડ (D) નર્મદા બોન્ડ

16 સરકારે "કેન્દ્રિય લાંચ રુશ્વત બ્યુરો"ની સ્થાપના ક્યારે કરી છે ?

(A) 1981 (B) 1964 (C) 1999 (D) 1951

## વિભાગ - B

**નીચે દર્શાવેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[20]**

17 આર્યો અને દ્રવિડ પ્રજા વિશે ટૂંકનોંધ લખો.

**અથવા**

ભારતના સાંસ્કૃતિક વારસાનો ખ્યાલ આપો.

18 ભારતની એક કલા તરીકે માટીકામ કલાનો પરિચય આપો.

19 ફતેહપુર સિકરીનો પરિચય આપો.

20 દિલ્હીના લાલ કિલ્લા વિશે નોંધ લખો.

21 'સંગ્રહાલયો' ની જાળવણી વિશે માહિતી આપો.

22 વન સંરક્ષણના ઉપાયો વર્ણવો.

**અથવા**

વન્યજીવોની રક્ષા કરવી એ આપણી નૈતિક ફરજ ગણાય છે.

23 બહુહેતુક યોજનાના મુખ્ય હેતુઓ કયા કયા છે ? સમજાવો.

24 બાયોગેસ વિશે ટૂંકનોંધ લખો.

**અથવા**

સીસાના ગુણધર્મો અને ઉપયોગો જણાવો.

25 ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ વિશે માહિતી આપો.

**અથવા**

પર્યાવરણીય અતિક્રમણ રોકવાના ઉપયોગ લખો.

26 ભારતમાં હજારો કુટુંબો શરણાર્થી તરીકે કાશ્મીર બહાર જીવી રહ્યા છે ?

## વિભાગ - C

**નીચે દર્શાવેલ પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[24]**

27 લોથલ ગુજરાતને જ નહિ પણ ભારતના ઈતિહાસને ગૌરવ બક્ષે છે. સમજાવો.

**અથવા**

ભારતમાં આવેલા જૈન મંદિરો વિશે માહિતી આપો.

28 ભારતની પ્રાચીન વિદ્યાપીઠ તરીકે તક્ષશીલા વિદ્યાપીઠ વિશે નોંધ લખો.

29 પારિભાષિક શબ્દોના અર્થ આપો.

(1) વૈશ્વિક સંશાધન (2) ભૂમિ સંરક્ષણ (3) રણ પ્રકારની જમીન

30 આર્થિક વૃધ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત લખો.

**અથવા**

બજાર પધ્ધતિના લાભ અને ગેરલાભ જણાવો.

31 પર્યાવરણની સુરક્ષા માટેના પગલાં વિશે માહિતી આપો.

32 ભાવ નિયંત્રણ શા માટે જરૂરી બન્યું છે ?

**અથવા**

ગ્રાહકે ખરીદી કરતી વખતે શી કાળજી રાખવી જોઈએ ?

33 ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરીનું વર્ણન કરો.

34 આતંકવાદની અસરો વિશે વિસ્તૃત નોધ લખો.

## વિભાગ - D

**નીચે દર્શાવેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ)** **[20]**

35 પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલી પ્રગતિ વિશે નોંધ લખો.

**અથવા**

વૈદધ અને શૈલ્પ ચિકિત્સાની સમીક્ષા કરો.

36 હરિયાળી ક્રાંતિ એટલે શું ? ભારતમાં કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સર્જાય છે. સમજાવો.

37 ગરીબીનો અર્થ આપી તેનું માપન કેવી રીતે થાય છે. તે જણાવો.

**અથવા**

ગ્રામોદયથી ભારત ઉદય જેવા કાર્યક્રમોમાં ગ્રામોધારમાં શું યોજનાઓ છે તે જણાવો.

38 વૃધ્ધોની સમસ્યાઓ જણાવી તેના ઉકેલ માટેના પ્રયાસો જણાવો.

39 ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલ નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) કાન્હા અભ્યારણ

(2) ઊની કાપડ ઉદ્યોગનું કેન્દ્ર, મુંબઈ,

(3) રસાયણ ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા

(4) મુંબઈ થી કલકત્તા (નાગપુર, રાયપુર, રાઉરકેલા)